રજુ તારીખ :– ૧૬/૦૧/૨૦૨૪.
દાખલ તારીખ :– ૧૬/૦૧/૨૦૨૪.
ફેસલ તારીખ :– ૨૮/૦૪/૨૦૨૬.
સમયગાળો :– ૦૨ વર્ષ ૦૩ માસ ૧૨ દિવસ.

**નખત્રાણાના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ. નખત્રાણા.**

**ફોજદારી કેસ નં.– ૧૮૭/૨૦૨૪.**

**આંક :–૨૭.**

શ્રી સરકાર .....ફરીયાદી.

વિરૂધ્ધ

લાલજી ત્રિભુવનદાસ પટેલ,
રહે. ગાંધીધામ. ...આરોપી.

ગુન્હો :– <u>ધી ઈન્ડીયન પીનલ કોડ, ૧૮૬૦ની કલમ–૨૭૯, ૩૩૭ તથા ૩૩૮ સાથે વાંચતા ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ–૧૭૭ તથા ૧૮૪ મુજબ.</u>

ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી એન જે. પુજારા.
આરોપીપક્ષે વિ. વકીલશ્રી એ એચ. ગુંસાઈ.

**<u>:: ચુકાદો ::</u>**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૪/૦૮/૨૦૨૩ના રોજ કલાક–૨૧:૩૦ વાગ્યાના અરશામાં પોતાના કબ્જાની વેગનઆર ગાડી નં. જીજે–૧૨–જે–૩૦૪૯વાળી બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના કાકાના દિકરા સલીમના એકટીવા નં. જીજે–૧૨–ઈકયુ–૬૫૯૬વાળી સાથે ભટકાડી જેમા સલીમની પાછળ બેઠેલ તેના દિકરા અકબરને પગના ભાગે ફ્રેકચર તેમજ શરીરના ભાગે છોલ છાલ જેવી ઈજાઓ કરી, મળી આવી, પકડાઈ જઈ, ધી ઈન્ડીયન પીનલ કોડ, ૧૮૬૦ની કલમ–૨૭૯, ૩૩૭ તથા ૩૩૮ સાથે વાંચતા ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ–૧૭૭ તથા ૧૮૪

મુજબની ફરીયાદ નોંધાવતા આરોપીને ધોરણસર અટક કરી, કોર્ટ હવાલે કર્યા બાદ તપાસને અંતે પુરાવો આવતા હાલનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામમાં આરોપીને ધોરણસર સમન્સ બજી જતા, કેસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આંક–૦૪થી પ્લી રેકર્ડ કરેલ, જેમાં આરોપીએ ગુનો કબુલ ન હોવાનું અને કેસની કાર્યવાહી આગળ ચલાવવાનું જણાવેલ છે.

૩. ત્યાર બાદ, આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નામદાર કોર્ટ સમક્ષ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો** :–

૧. ફરીયાદી સાહેદ ઈકબાલ સુલેમાન ચૌહાણની સોગંદ પરની જુબાની. આંક–૧૪.

૨. સાહેદ સલીમ નુરમામદ ચૌહાણની સોગંદ પરની જુબાની. આંક–૧૮.

૩. સાહેદ અકબર સલીમ ચૌહાણની સોગંદ પરની જુબાની. આંક–૨૦.

૪. સાહેદ સલીમ હુસેન સમાની સોગંદ પરની જુબાની. આંક–૨૧.

૫. સાહેદ સદામ મામદ રાયમાની સોગંદ પરની જુબાની. આંક–૨૨.

**લેખીત પુરાવો** :–

૧. ફરીયાદ. આંક–૧૫.

૨. સ્થાનિક જગ્યાનું પંચનામું. આંક–૨૩. (આરોપીપક્ષે કબુલ).

૩. ઈજા પામનાર સાહેદની ડીસ્ચાર્જ સમરી. આંક–૨૪. (આરોપીપક્ષે કબુલ).

૪. ઈજા પામનાર સાહેદની કેઈસ શીટ. આંક–૨૫. (આરોપીપક્ષે કબુલ).

૫. ફરીયાદપક્ષે કલોઝીંગ પુરસીસ. આંક–૨૬.

બાદ, આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોતા આરોપી સામે વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, આરોપીનું ધી ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ નથી.

૪. આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

અ. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૪/૦૮/૨૦૨૩ના રોજ કલાક–૨૧:૩૦ વાગ્યાના અરશામાં પોતાના કબ્જાની વેગનઆર ગાડી નં. જીજે–૧૨–જે–૩૦૪૯વાળી બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના કાકાના દિકરા સલીમના એકટીવા નં. જીજે–૧૨–ઈકયુ–૬૫૯૬વાળી સાથે ભટકાડી જેમા સલીમની પાછળ બેઠેલ તેના દિકરા અકબરને પગના ભાગે ફ્રેકચર તેમજ શરીરના ભાગે છોલ છાલ જેવી ઈજાઓ કરી, મળી આવી, પકડાઈ જઈ, ધી ઈન્ડીયન પીનલ કોડ, ૧૮૬૦ની કલમ–૨૭૯, ૩૩૭ તથા ૩૩૮ સાથે વાંચતા ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ–૧૭૭ તથા ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

બ. શું હુકમ ?

૫. ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

અ. નકારમાં.

બ. આખરી હુકમ મુજબ.

**<u>:: કારણો ::</u>**

**<u>મુદા નં.–અ તથા બ :–</u>**

૬. આ કામમાં ફરીયાદપક્ષે ફરીયાદી સાહેદ ઈકબાલ સુલેમાન ચૌહાણની સોગંદ પરની જુબાની આંક–૧૪થી લેવામાં આવેલ છે. તેઓએ એવો પુરાવો રજુ કરેલ છે કે, ગત તા.૨૪/૦૮/૨૦૨૩ના રોજ મારી ટ્રકમાં મીઠુ ખાલી કરવા માટે મુન્દ્રા તરફ જતો હતો ત્યારે મને મારા મિત્ર સુલતાન કુંભારનો ફોન આવેલો અને તેણે જણાવેલ કે, તમારા કૌટુંબિક ભત્રીજા અકબરનો મોટા ધાવડા અને નાના ધાવડાની વચ્ચે એક વેગનઆર ગાડીથી અકસ્માત થયેલ છે અને તેને સારવાર માટે નખત્રાણા સરકારી હોસ્પીટલ લઈ જઈએ છીએ તેવી જાણ થતા, હું નખત્રાણા હોસ્પીટલ ગયેલ અને ત્યાં અકબરના પિતા સલીમ તથા સલીમ હુસેન સમા તથા સદામ રાયમા હાજર હતા અને મને મારા કાકાના દિકરા સલીમે જણાવેલ કે, અકબર તેની મોટરસાયકલ નં. જીજે–૧૨–ઈકયુ–૬૫૯૬વાળી લઈને આવતો હતો ત્યારે મોટા ધાવડા નજીક એક

વેગનઆર ગાડીથી અકસ્માત થયેલ છે અને આ અકસ્માતમાં હું તથા અકબર પડી ગયેલ, પરંતુ મને કોઈ ઈજા થયેલ નહીં અને અકબરને પગના ભાગે ઈજા થયેલ અને અકબરને પ્રાથમિક સારવાર નખત્રાણા અને ત્યાર બાદ ભુજ જી. કે. જનરલ હોસ્પીટલ તથા વધુ સારવાર માટે કોસ્મો હોસ્પીટલ ગાંધીધામ મધ્યે લઈ ગયેલ અને ત્યાં તેના પગની નસ ફાટી ગયેલ હોય ઓપરેશન કરવામાં આવેલ. હું વેગનઆરના ચાલકને ઓળખતો નથી અને તેના વાહનના નંબરની મને ખબર નથી. બનાવ સંબંધે અમોએ ફરીયાદ આપેલી અને ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૫થી રજુ કરેલ છે.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, એ. પી. પીશ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

આ સાહેદે તેમની બચાવપક્ષેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ સમયે વાહન કોણ ચલાવતું હતુ તે મેં જોયેલ ન હતું, બનાવવાળી જગ્યા હાઈવે રોડ છે અને ત્યાં વાહનોની અવરજવર સતત ચાલુ રહે છે, અકસ્માતની જાણ મને ફોનથી થયેલ, અકસ્માતનો બનાવ બનતા મેં મારી નજરે જાયેલ ન હતો.

૭. બાદ, ફરીયાદપક્ષે સાહેદ સલીમ નુરમામદ ચૌહાણની સોગંદ પરની જુબાની આંક–૧૮થી લેવામાં આવેલ છે. તેઓએ એવો પુરાવો રજુ કરેલ છે કે, ગત તા.૨૪/૦૮/૨૦૨૩ના રોજ હું અને મારો દિકરો અકબર મારી એક્ટીવા નંબર જીજે ૧૨ ઈ.ક્યુ. ૬૫૯૬વાળી લઈને ભુજથી નખત્રાણા આવતા હતા અને હું એક્ટીવા ચલાવતો હતો, તે સમયે નાના ધાવડા અને મોટા ધાવડા પાસે આવતા, એક વેગનઆર ગાડી બીજી ગાડીને ઓવરટેક કરવા જતા અમારી એક્ટીવા સાથે ભટકાતા હું અને અકબર સાઈડમાં પડી ગયેલ અને મને કોઈ ઈજા થયેલ નહીં, પરંતુ મારા દિકરા અકબરને જમણા પગે ફ્રેક્ચર થયેલ અને તેની નસ ફાટી ગયેલ, જેની સારવાર પહેલા જનરલ હોસ્પીટલ ભુજમાં અને બાદમાં કોસ્મો સુપર સ્પેશીયાલીટી હોસ્પીટલ ગાંધીધામ મધ્યે કરાવેલી. મને વેગનઆર ગાડીના નંબર યાદ નથી કે, હું તેના ચાલકને ઓળખતો નથી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, એ. પી. પીશ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

આ સાહેદે તેમની બચાવપક્ષેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ સમયે વાહન કોણ ચલાવતું હતું તે મેં જોયેલ ન હતું, બનાવવાળી જગ્યા હાઇવે રોડ છે અને ત્યાં વાહનોની અવરજવર સતત ચાલુ રહે છે.

૮. બાદ, આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ અકબર સલીમ ચૌહાણની સોગંદ પરની જુબાની આંક–૨૦થી લેવામાં આવેલ છે. તેઓએ એવો પુરાવો રજુ કરેલ છે કે, ગત તા.૨૪/૦૮/૨૦૨૩ના રોજ હું અને મારા પિતા અમારી એક્ટીવા નંબર જીજે ૧૨ ઇ. ક્યુ. ૬૫૯૬વાળી લઇને ભુજથી નખત્રાણા આવતા હતા અને મારા પિતા એક્ટીવા ચલાવતા હતા. તે સમયે નાના ધાવડા અને મોટા ધાવડા પાસે આવતા એક વેગનઆર ગાડી બીજી ગાડીને ઓવરટેક કરવા જતા અમારી એક્ટીવા સાથે ભટકાતા હું અને મારા પિતા સાઇડમા પડી ગયેલ અને મારા પિતાને કોઇ ઇજા થયેલ નહીં, પરંતુ મને જમણા પગે ફ્રેક્ચર થયેલ અને નસ ફાટી ગયેલ, જેની સારવાર પહેલા જનરલ હોસ્પીટલ ભુજમાં અને બાદમાં કોસ્મો સુપર સ્પેશીયાલીટી હોસ્પીટલ ગાંધીધામ મધ્યે કરાવેલી. મને વેગનઆર ગાડીના નંબર યાદ નથી કે, હું તેના ચાલકને ઓળખતો નથી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, એ. પી. પીશ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

આ સાહેદે તેમની બચાવપક્ષેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ સમયે વાહન કોણ ચલાવતું હતું તે મેં જોયેલ ન હતું, બનાવવાળી જગ્યા હાઇવે રોડ છે અને ત્યાં વાહનોની અવરજવર સતત ચાલુ રહે છે.

૯. બાદ, આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ સલીમ હુસેન સમાની સોગંદ પરની જુબાની આંક–૨૧થી લેવામાં આવેલ છે. તેઓએ એવો પુરાવો રજુ કરેલ છે કે, ગત તા.૨૪/૦૮/૨૦૨૩ના રોજ હું નખત્રાણા મધ્યે હાજર હતો ત્યારે મને જાણવા મળેલ કે, અકબરનો નાના ધાવડા અને મોટા ધાવડા વચ્ચે અકસ્માત થયેલ છે અને તેને ખાનગી વાહનમાં નખત્રાણા સરકારી દવાખાને લઇ આવેલ છે તેવી જાણ થતા હું તરત જ નખત્રાણા દવાખાને આવેલ અને ત્યાં ઇજા પામનારના પિતા સલીમ અને સદ્દામ રાયમા હાજર હતા અને સલીમે મને વાત કરેલ કે, હું અને મારો દિકરો અકબર મારી એક્ટીવા નંબર જીજે ૧૨ ઇ.ક્યુ. ૬૫૯૬વાળી લઇને ભુજથી નખત્રાણા આવતા હતા

અને હું એક્ટીવા ચલાવતા હતો. તે સમયે નાના ધાવડા અને મોટા ધાવડા પાસે આવતા, એક વેગનઆર ગાડી બીજી ગાડીને ઓવરટેક કરવા જતા અમારી એક્ટીવા સાથે ભટકાતા હું અને અકબર સાઇડમા પડી ગયેલ અને મને કોઇ ઈજા થયેલ નહીં, પરંતુ મારા દિકરા અકબરને જમણા પગે ફેક્ચર થયેલ અને તેની નસ ફાટી ગયેલ, જેની સારવાર પહેલા જનરલ હોસ્પીટલ ભુજમાં અને બાદમાં કોસ્મો સુપર સ્પેશીયાલીટી હોસ્પીટલ ગાંધીધામ મધ્યે કરાવેલી. મને વેગનઆર ગાડીના નંબર યાદ નથી કે, હું તેના ચાલકને ઓળખતો નથી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, એ. પી. પીશ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

આ સાહેદે તેમની બચાવપક્ષેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ સમયે વાહન કોણ ચલાવતું હતું તે મેં જોયેલ ન હતું, બનાવવાળી જગ્યા હાઈવે રોડ છે અને ત્યાં વાહનોની અવરજવર સતત ચાલુ રહે છે, બનાવની જાણ મને ફોનથી થયેલ.

૧૦. બાદ, આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ સદામ મામદ રાયમાની સોગંદ પરની જુબાની આંક–૨૨થી લેવામાં આવેલ છે. તેઓએ એવો પુરાવો રજુ કરેલ છે કે, ગત તા.૨૪/૦૮/૨૦૨૩ના રોજ હું નખત્રાણા મધ્યે હાજર હતો ત્યારે મને જાણવા મળેલ કે, અકબરનો નાના ધાવડા અને મોટા ધાવડા વચ્ચે અકસ્માત થયેલ છે અને તેને ખાનગી વાહનમાં નખત્રાણા સરકારી દવાખાને લઇ આવેલ છે તેવી જાણ થતા હું તરત જ નખત્રાણા દવાખાને આવેલ અને ત્યાં ઈજા પામનારના પિતા સલીમ હાજર હતા અને સલીમે મને વાત કરેલ કે, હું અને મારો દિકરો અકબર મારી એક્ટીવા નંબર જીજે ૧૨ ઈ.ક્યુ. ૬૫૯૬વાળી લઈને ભુજથી નખત્રાણા આવતા હતા અને હું એક્ટીવા ચલાવતો હતો. તે સમયે નાના ધાવડા અને મોટા ધાવડા પાસે આવતા, એક વેગનઆર ગાડી બીજી ગાડીને ઓવરટેક કરવા જતા અમારી એક્ટીવા સાથે ભટકાતા હું અને અકબર સાઇડમા પડી ગયેલ અને મને કોઇ ઈજા થયેલ નહીં, પરંતુ મારા દિકરા અકબરને જમણા પગે ફેક્ચર થયેલ અને તેની નસ ફાટી ગયેલ, જેની સારવાર પહેલા જનરલ હોસ્પીટલ ભુજમાં અને બાદમાં કોસ્મો સુપર સ્પેશીયાલીટી હોસ્પીટલ ગાંધીધામ મધ્યે કરાવેલી. મને વેગનઆર ગાડીના નંબર યાદ નથી કે, હું તેના ચાલકને ઓળખતો નથી. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલ.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, એ. પી. પીશ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

આ સાહેદે તેમની બચાવપક્ષેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ સમયે વાહન કોણ ચલાવતું હતું તે મેં જોયેલ ન હતું, બનાવવાળી જગ્યા હાઈવે રોડ છે અને ત્યાં વાહનોની અવરજવર સતત ચાલુ રહે છે,બનાવની જાણ મને ફોનથી થયેલ.

૧૧. બાદ, સદર કામે આંક–૨૩થી રજુ સ્થાનિક જગ્યાનું પંચનામું, આંક–૨૪થી રજુ ઈજા પામનાર સાહેદની ડીસ્ચાર્જ સમરી તથા આંક–૨૫થી રજુ ઈજા પામનાર સાહેદની કેઈસ શીટને આરોપીપક્ષે કબુલ રાખવામાં આવેલ હોય, તે રીતે તેને આંકે પાડવામાં આવેલ છે અને તેથી તેને કાયદાનુસાર પુરવાર થયેલાનું ગણી શકાય નહીં. સદર આંક–૨૩થી આંક–૨૫ સુધીના રજુ દસ્તાવેજ તે ગૌણ પુરાવો હોય, તે રીતે સીધા પુરાવાને માત્ર મદદકર્તા પુરાવો છે. હાલના કામે ફરીયાદપક્ષે આરોપી વિરૃધ્ધ શંકાથી પરે કહી શકાય તેવો કોઈ સીધો પુરાવો જ રજુ થયેલ ન હોય, તે સંજોગોમાં માત્ર આંક–૨૩થી આંક–૨૫ સુધીના રજુ દસ્તાવેજો ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાશે નહીં.

આમ, ફરીયાદપક્ષે રજુ કરેલ તમામ મૌખીક તથા લેખીત પુરાવાનું મુલ્યાંકન કરતા, એ હકીકત નિર્વિવાદ છે કે, ફરીયાદપક્ષના કેસ મુજબનો અકસ્માતનો બનાવ ચોકકસ રીતે બનેલ છે અને સદર અકસ્માતમાં સાહેદને ઈજાઓ પણ થયેલ છે, પરંતુ કહેવાતો અકસ્માત હાલના આરોપીની બેદરકારીથી જ બનેલ હોવાનું ફરીયાદપક્ષ શંકાથી પરે પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદોના પુરાવામાં પણ હાલના આરોપીએ પોતાના હવાલાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર જણાય આવતી નથી. તેમજ સદરહુ અકસ્માત જાહેર રોડ પર બનેલ હોય, તેમ છતા સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લઈ, ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ નથી કે, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. આ સંજોગોમાં, ફોજદારી કેસમાં અત્યંત મહત્વની અને જરૂરી એવી આરોપીની ઓળખ સ્પષ્ટ અને નિ:શંક રીતે પ્રસ્થાપિત થાય તેવો કોઈ સ્વતંત્ર પુરાવો રજુ થયેલ ન હોય, ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પરે પુરવાર કરી શકેલ ન હોય મુદા નં.– અને સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તેનો નિર્ણય નકારમાં આપી અને મુદા નં.– બના નિર્ણયમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

ક્રીમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૫૫(૧) અન્વયે **આરોપી લાલજી ત્રિભુવનદાસ પટેલ, રહે. ગાંધીધામવાળાને** ધી ઈન્ડીયન પીનલ કોડ, ૧૮૬૦ની કલમ–૨૭૯, ૩૩૭ તથા ૩૩૮ સાથે વાંચતા ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ–૧૭૭ તથા ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રીમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ)ના પ્રબંધો અનુસાર આરોપીના જુના જામીન તથા જામીનખત ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ અઠયાવીસમી માહે–એપ્રીલ સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૮/૦૪/૨૦૨૬.　　　　　　　　(આર ડી. કકકડ)

નખત્રાણા.　　　　　　　　જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

નખત્રાણા. જીજે–૦૧૨૩૭.